અપીલ અરજી નં.૨૬૧ તા.૨૦–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલા
સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલાની તા.૫–૧૦–૧૦ની અરજીથી (૧) શીવકૃપા સોસા.ની શેરી નં.૧ માં ડો. હેડગેવાર માર્ગને સમાંતર કેટલા ખુલ્લા પ્લોટો ઉપર રાહદારીઓ ધ્વારા કચરોનાંખવાના કારણે ખુબ જ ગંદકી થાય છે તથા આશરે બે ટ્રક ભરાય તેટલું ગાય ભેંસ વિગેરે પ્રાણીઓનું મળમુત્ર પડેલ છે જેના કારણે મચ્છરનો ઉપદ્રવ વધેલો છે તથા રોગચાળો ફેલાય રહેલ છે તેમ છતાં ગંદકી દુર કરવા બાબતે આ તરફે કોઈ પગલા ભરવામાં આવેલ નથી તો તેમ કરવા પાછળનું કારણ વિગતવાર લખી જણાવશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૧/૨૦૧૦–૧૧

શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલાની તા.૫–૧૦–૧૦ની અરજીથી (૧) શીવકૃપા સોસા.ની શેરી નં.૧ માં ડો. હેડગેવાર માર્ગને સમાંતર કેટલા ખુલ્લા પ્લોટો ઉપર રાહદારીઓ ધ્વારા કચરો નાંખવાના કારણે ખુબ જ ગંદકી થાય છે તથા આશરે બે ટ્રક ભરાય તેટલું ગાય ભેંસ વિગેરે પ્રાણીઓનું મળમુત્ર પડેલ છે જેના કારણે મચ્છરનો ઉપદ્રવ વધેલો છે તથા રોગચાળો ફેલાય રહેલ છે તેમ છતાં ગંદકી દુર કરવા બાબતે આ તરફે કોઈ પગલા ભરવામાં આવેલ નથી તો તેમ કરવા પાછળનું કારણ વિગતવાર લખી જણાવશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતી અધૂરી અને અસ્પષ્ટ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૮૮ તા.૨૬–૧૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૦૧૮ તા.૧–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા તે મળ્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, નોંધ વિભાગ અને તા.૨૩–૮–૧૦ ના રોજ કરેલ ફરીયાદ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૫–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૧૯ તા.૨૨–૧૦–૧૦ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલી માહિતી અધૂરી અને અસ્પષ્ટ હોઈ તેવું જણાવી નારાજ થઈ તા.૨૦–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારના મુદ્દા નં.૧ શીવકૃપા સોસા.ની શેરી નં.૧ માં ડો. હેડગેવાર માર્ગને સમાંતર કેટલા ખુલ્લા પ્લોટો ઉપર રાહદારીઓ ધ્વારા કચરો નાંખવાના કારણે ખુબ જ ગંદકી થાય છે તથા આશરે બે ટ્રક ભરાય તેટલું ગાય ભેંસ વિગેરે પ્રાણીઓનું મળમુત્ર પડેલ છે જેના કારણે મચ્છરનો ઉપદ્રવ વધેલો છે તથા રોગચાળો ફેલાય રહેલ છે તેમ છતાં ગંદકી દુર કરવા બાબતે આ તરફે કોઈ પગલા ભરવામાં આવેલ નથી તો તેમ કરવા પાછળનું કારણ વિગતવાર લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શિવકૃપા સોસા. શેરી નં.૧ માં મુદ્દા નં.૨ ડો. હેડગેવાર માર્ગને સમાંતર આવેલ ખુલ્લા પ્લોટોમાં રાહદારીઓ ધ્વારા કચરો નાંખવામાં આવે છે તેમજ પ્લોટમાં પડેલ ગાય ભેંસ વિગરેઓનું મળમુત્ર પડેલ છે તેના માલિકોને અઠવાઝોન ખાતેથી તા.૧૨–૯–૧૦ તથા તા.૨–૧૦–૧૦ ના રોજ ચેતવણી/નોટીસ પાઠવવામાં આવેલ છે. જેનો અમલ કરેલ ન હોવાથી બંને માલિકો સામે તા.૧૮–૯–૧૦ ના રોજ મ્યુ. કોર્ટ કેસ નં.૨૧૦૮/૧૦ તથા તા.૪–૧૦–૧૦ મ્યુ. કેસ નં.૨૧૦૯/૧૦ થી કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે જે હાલમાં પેન્ડીંગ છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારીએ રૂબરૂ સ્થળ ઉપર આવી મુલાકાત લઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે જેથી આવી ગંદકી બંધ થઈ શકે જે બાબતે જાહેર માહિતી અધિકારીએ કોઈ સ્પષ્ટતા કરેલ નથી તેવી રજૂઆત કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી જોતાં આ બાબતે કાર્યવાહી થયાનું સૂચવે છે. જે બાબતે અરજદારને ભરેલ પગલા અંગેની માહિતી જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. મુદ્દા નં.૨ પ્લોટ નં.બી/૧૪ પાસે કોર્નર તરફ રાહદારીઓ ધ્વારા કચરો નાખી જે ગંદકી કરવામાં આવેલ છે તે નિયમિત રોજીંદા સાફ સફાઈ થતી નથી તથા સદર ગંદકી કરનાર ઈસમો ઉપર કાયદેસર કાર્યવાહી કરવા માટે આપ તરફે ઢીલ શા માટે રાખવામાં આવે છે તે બાબતે લેખિતમાં ખુલાસો કરશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લોટ નં.બી–૧૪, પાસે કોર્નર તરફ રાહદારીઓ કચરો નાંખી જે ગંદકી કરવામાં આવે છે તે જગ્યા સોસા.ના અંદરના ભાગે આવેલ છે. અને આ સોસા. અનુદાનની સ્કીમ હેઠળનો લાભ આપવામાં આવતો હોવાથી સોસા. તમામ રસ્તાઓની સફાઈ પ્રમુખ/સેક્રેટરીશ્રીની સીધી દેખરેખ હેઠળ કરાવવામાં આવે છે. સંતોષકારક સફાઈ ના થયાનું જણાતા અઠવાઝોન તરફથી સોસા.ને આપવામાં આવતા અનુદાનમાં પેનલ્ટી વસુલ લેવામાં આવે છે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલના મુદ્દામાં અનુદાનની રકમ સ્વીકારનાર ઈસમો ધ્વારા રોજીંદા સાફ સફાઈ કરવામાં આવતી નથી તેવી રજઆત કરેલ છે. તથા ગંદકી કરનાર ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર સોસા. પ્રમુખ / સેક્રેટરીની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવે છે અને જે અંગે તેઓને ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. જેથી તેઓની જવાબદારી સફાઈ કરવાની રહે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સદર શીવકૃપા સોસા.માં રોગચાળો ન ફેલાય તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી લાગત વળગતા અધિકારીઓને કઈ કઈ જંતુ નાશક દવાઓનો કેટલો જથ્થો પ્રતિમાસ ફાળવવામાં આવે છે તથા નિયમિત કેટલા દિવસોના

અંતરે તેનો છંટકાવ કરવાનો હોય છે તથા ધુમ્રશેર છોડવાની હોય છે તેની માહિતી લેખિતમાં વિગતવાર આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શિવકૃપા સોસા.માં રોગ ચાળો ન ફેલાય તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી લાગતા વળગતા અધિકારીઓને કોઈ જંતુનાશક દવાનો જથ્થો પ્રતિમાસ ફાળવવામાં આવેલ નથી પરંતુ અવારનવાર જંતુનાશક દવાનો છંટકાવ કરાવવામાં આવે છે. શિવકૃપા સોસા. વીબીડીસી વિભાગ ધ્વારા સદર વિસ્તારમાં નિયમિત અઠવાડીયે એન્ટી–લાર્વલની કામગીરી હાથ ધરાવવામાં આવેલ છે તેમજ વખતો વખત આપના વિસ્તારમાં ધુમ્રશેરની કામગીરી કરાવવામાં આવેલ છે. જેમાં તા. ૨૯–૮–૧૦ થી તા.૧–૯–૧૦ તેમજ તા.૮–૯–૧૦ તથા તા.૧૫–૯–૧૦ ના રોજ એન્ટી લાર્વલની કામગીરી તેમજ તા.૨૮–૮–૧૦ ના રોજ ધુમ્રશેરની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી મુજબ કાર્યવાહી થતી ન હોવાની અને સદર કામગીરી કયારે કરાવનાર છો તેવી રજૂઆત કરેલ છે. આમ અરજદારે માહિતી અંગે નહીં પરંતુ કામગીરી થતી ન હોવાની કાર્યવાહીની રજૂઆત કરેલ છે. કાર્યવાહીની રજૂઆતને માહિતી સાથે જોડી શકાય નહીં તે અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે. મુદ્દા નં.૪ સદર શીવકૃપા સોસા.માં આંતરિક જાહેર રોડ રસ્તાની સાફ સફાઈ માટે સુરત મહાનગરપાલિકા તરફથી ચોકકસ રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તો તે રકમ કોને ફાળવવામાં આવ છે તે ઈસમનું નામ સરનામુ તથા ટેલીફોન નંબર લખી જણાવશો તથા કેટલા સમયગાળા માટે કેટલા રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શિવકૃપા સોસા.ના તમામ રસ્તાઓ તથા સોસા.ની ખુલ્લી જગ્યાની તરફ સફાઈ માટે સુરત મહાનગરપાલિકા તરફથી દર મહીને રૂા.૩૫૧૦/– સોસા.ના પ્રમુખશ્રીને ચૂકવવામાં આવે છે. તેવું જણાવેલ છે. અપીલના મુદ્દામાં અરજદારે ઈસમનું નામ સરનામું અને ટેલીફોન નંબરનીમાહિતી માંગેલ જેમાં જાહેર માહિતી અધિકારીએ સોસા.ના પ્રમુખને ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે તેટલી માહિતી આપેલ છે. પરંતુ પ્રમુખનું નામ સરનામું કે ટેલીફોનની માહિતી આપેલ જણાતી નથી. અરજદારે તે જ સોસાયટીના સરનામેથી કરેલ અરજી જોતાં તેઓ સ્વયં સોસાયટીના મકાન ધારક સભ્ય હોવાનું અનુમાનિત થાય અને તે ધ્યાને લેતાં પ્રમુખ તથા અનુદાનની માહિતી વિશ્વસનીય સબંધ હેઠળ તેમને પણ ઉપલબ્ધ હોવાનું માનવાને કારણ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને તેવી દફતરી ઉપલબ્ધ વિગતો પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૫ સદર શીવકૃપા સોસા.ના આંતરિક જાહેર રોડ રસ્તાની સાફ સફાઈ માટે સુરત મહાનગરપાલિકા તરફથી જે ઈસમને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે ઈસમ ધ્વારા નીચે જણાવેલા બે જાહેર રસ્તાની રોજીંદા સાફ સફાઈ થતી નથી. તથા રસ્તાઓ ઉપર પડેલો કચરો ઉપાડવામાં આવતો નથી તો તેમ કરવાનું કારણ તેઓને પુછી લખી જણાવશો. (અ) શીવકૃપા સોસા.માં પ્રવેશવા માટે ડોકટર હેડગેવર માર્ગ ઉપરથી પૂર્વ–પશ્ચિમ દિશાનો જે મુખ્ય માર્ગ આવેલો છે તે ત્યાંથી પ્લોટ નંબર બી/૪૦ સુધીનો મુખ્ય માર્ગ. (બ) શેરી નં.૧ જેમાં એક તરફ ગાળા ટાઈપ મકાનો, પ્લોટો આવેલા છે તથા એક તરફ શીવકૃપા એપાર્ટમેન્ટ આવે છે તે ઉત્તર –દક્ષિણ દિશાનો રસ્તો જે અંબાનગર ના મુખ્ય રસ્તા સાથે જોડાય છે ત્યાં સુધીનો રસ્તો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી શિવકૃપા સોસા.ના આંતરિક જાહેર રોડ રસ્તાની સાફ સફાઈ માટે સુરત મહાનગરપાલિકા તરફથી જે ઈસમને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમના ધ્વારા બે જાહેર રસ્તાની સાફ સફાઈ થતી નથી. તે માટે નોટીસ પાઠવવામાં આવેલ છે અને જે મહીને સફાઈ કામગીરી સંતોષકારક ન થાય તે માટે તેમને અનુદાનની રકમ માંથી પેનલ્ટી વસુલ માટેની કાર્યવાહી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દામાં ગ્રાન્ટ મેળવનાર ઈસમ પાસે બાંહેધરી ખતલખાવવાનું જરૂરી સમજો છો કે કેમ? એ અપીલ તબકકે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદી પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. વધુમાં અરજદારને ઈસમ પાસેથી થતી કાર્યવાહીની તેઓને નકલ આપવાની રજૂઆત અપીલ તબકકેની તેમની રજૂઆત અંગે આજ વિગતો તેઓ સોસાયટીના સભ્ય તરીકે પ્રમુખ કક્ષાએથી મેળવવા હકદાર અને સ્વતંત્ર છે. તેમ છતાં મુળ અરજીમાં તેમણે એવી કોઈ રજૂઆત કરેલ નથી તેથી અપીલમાં તે માટે કારણ ઉત્પન થઈ શકે નહીં. અરજદાર ઈચ્છે તો અલાયદા મુદ્દા અંગે અલગ અરજી કરી દફતરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી આંશિક મુદ્દા નં.૪ ની ફરીયાદની હકીકતમાં જણાવેલ પ્રમુખના નામ, સરનામું, ટેલીફોન નંબર પૈકીની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૩ ની ફાઈલેરીયાની એન્ટ્રી લાર્વલકામગીરીની બાબતે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છો. તથા મુદ્દા નંપ માં મુળ અરજીથી અપીલ તબકકે ફરીયાદની હકીકતમાં જણાવેલ ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્ન અંગે નિયમોનુસારની અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧–૧૧

ડે.કમિશનર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ...જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલા